ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. 05-04-2022

ભારતની સ્વતંત્રતાની ૭૫ મી વર્ષગાંઠ નિમિત્તે યોજાનાર "આઝાદી ગૌરવ યાત્રા" અંગે રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, આપણે જે સ્વતંત્રતા માણી રહ્યાં છીએ તે આપણને અપાવવા માટે અસંખ્ય ભારતીયોએ પોતાના જાનની કુરબાની આપી છે. આપણે લોકશાહીના પાયા નાખનારનું સન્માન કરવું જોઈએ. વર્ષ 1885માં અંગ્રેજોની અન્યાયી નીતિઓનો મુકાબલો કરવા માટે તમામ જ્ઞાતિઓ, ભાષાઓ, ધર્મો અને પ્રદેશોના લોકોને સંગઠિત કરવા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના કરવામાં આવી. મહાત્મા ગાંધીજીના 'રચનાત્મક કાર્યક્રમથી શરૂ થયેલી ચળવળ' કોમી એકતા, અસ્પૃશ્યતા નિવારણ, ખાદી અને ગ્રામોદ્યોગને પ્રોત્સાહન, શિક્ષણ અને સ્વાસ્થ્ય, મહિલાઓનું સશક્તિકરણ, આર્થિક એકતા અને વંચિતોના અધિકારો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ તેના વિરાસતના પાયામાં સેક્યુલરિઝમ અર્થાત્ બિનસાંપ્રદાયિકતા અને ધર્મનિરપેક્ષતાનું જતન કરીને રાષ્ટ્રીય સદભાવના અને કોમી એખલાસ સામેના ખતરાનો સામનો કરવા પ્રતિબદ્ધ છે. પ્રથમ વડાપ્રધાનશ્રી પંડિત જવાહરલાલ નહેરુના નેતૃત્વમાં આઈ.આઈ.ટી., આઈ.આઈ.એમ., ઈસરો, એમ્સ, ભાખરાનાંગલ ડેમ સહિતના આધુનિક મંદિરોની સ્થાપના કરવામાં આવી. વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ જયજવાન જયકિસાનના નારા સાથે દેશની નવી દિશા ચિંધી. સરદાર વલ્લભભાઈ પટેલની નિર્ણાયક નેતાગીરીએ 500 કરતા વધુ રજવાડાઓને એક પ્રજાસત્તાકમાં વિલિન કરીને સંગઠિત કર્યા હતા. કોંગ્રેસ સરકારોએ ક્રાંતિકારી ટેકનોલોજીને લાવીને હરિત ક્રાંતિ લાવી. લઘૂત્તમ સમર્થન મૂલ્ય (એમએસપી) ની શરૂઆત કરી અને ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા અનાજની ખરીદીને કારણે અનાજના કોઠારો ઉભરાઈ ગયા. વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ પાકિસ્તાનના બે ટુકડા કરીને 1971માં બાંગ્લાદેશની રચના કરી. ભારતરત્ન રાજીવ ગાંધીએ ટેલીકોમ્યુનિકેશન ક્રાંતિના મંડાણ કરી ભારતને ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે સુપર પાવર બનાવ્યું. કોગ્રેસ પક્ષે અર્થતંત્રનું ઉદારીકરણ કરી લાઈસન્સ રાજને ખતમ કર્યું. વડાપ્રધાન મનમોહન સિંહના વડપણ હેઠળ ભારત અમેરિકા અણસંધી કરી ભારતને અણસત્તા બનાવી. તેમજ 27 કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર કાઢ્યા. રાષ્ટ્રીયરસીકરણ ને પગલે ભારત દેશ "પોલીયો મુક્ત" બન્યો આદરણીય સોનિયા ગાંધીજીના નેતૃત્વમાં રાઈટ ટુ ઈન્ફોર્મેશન, મનરેગા, અન્ન સુરક્ષા કાયદો, શિક્ષણનો કાયદો (આર.ટી.ઈ.), જંગલની જમીનનો કાયદો વગેરે જેવા કાયદાઓ આપવામાં આવ્યા.


રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી લાલજી દેસાઈએ જણાવ્યું હતું કે, ભારતની સ્વતંત્રતાની ૭૫ મી વર્ષગાંઠ નિમિત્તે યોજાનાર "આઝાદી ગૌરવ યાત્રા" તા. ૬ એપ્રિલ ૨૦૨૨ ના રોજ સવારે ૮-૦૦ કલાકે સાબરમતી ગાંધી આશ્રમથી પ્રસ્થાન કરશે. ૧૨૦૦ કિ.મી. લાંબી યાત્રા ગુજરાતના ૫ જીલ્લાઓમાં ૧૦ દિવસનો પ્રવાસ કરશે. સમગ્ર યાત્રા ૫૮ દિવસ પૂર્ણ કરી ૧ લી જુન ૨૦૨૨ ના રોજ દિલ્હી ખાતે સમાપન થશે ગુજરાતના ૫ જીલ્લામાં "આઝાદી ગૌરવ યાત્રા" દરમિયાન આઝાદીમાં કોંગ્રેસપક્ષની ભૂમિકાને ટેબ્લોઈડ દ્વારા પ્રસ્તુત કરાશે. આઝાદી બાદ ૬૦ વર્ષમાં કોંગ્રેસપક્ષના યોગદાનની ઝલક

પણ જોવા મળશે. યાત્રાની શરૂઆતમાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સ્થાનિક કલાકારો પરંપરાગત પરફોર્મન્સમાં ભાગ લેશે. જુદાજુદા સમુદાયને જોડવા માટે "અન્ન મિલે તો મન મિલે" ના વિચાર સાથે યાત્રા દરમિયાન દાતાઓ પાસેથી ભેગું કરેલા અન્નનો ભંડારો કરવામાં આવશે. ૧૦ દિવસની યાત્રા દરમિયાન જ્યાં રાત્રી રોકાણ કરશે ત્યાં દેશના રક્ષણ માટે આપેલ બલિદાનને સન્માનવા "એક શામ શહીદો કે નામ" કાર્યક્રમનું આયોજન થશે. સમગ્ર યાત્રા દરમિયાન "સંવિધાન બચાઓ" ના નારાને ચરિતાર્થ કરવા સંવિધાનના આમુખની પત્રિકાઓ નાગરિકોને આપવામાં આવશે. આઝાદી ગૌરવ યાત્રા દરમીયાન ૧૦૦૦ થી વધુ પ્રશિક્ષિત સ્વયંસેવકો જોડાશે. યાત્રા દરરોજ ૬ થી ૭ ગામડામાંથી પસાર થઇ કુલ ૩૫૦ જેટલા ગામડાઓને જોડશે.

રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં સોશીયલ મીડિયાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી રોહન ગુપ્તા, ગુજરાત કોંગ્રેસ પક્ષના ઉપપ્રમુખ શ્રી પંકજ પટેલ, શ્રી બિમલ શાહ, કોંગ્રેસ પક્ષના મુખ્ય પ્રવકતા ડો. મનીષ દોશી, મીડિયા કો-ઓર્ડીનેટર શ્રી હેમાંગ રાવલ અને હિરેન બેંકર ઉપસ્થિત રહ્યા હતા.

---

આઝાદીના 75 વર્ષની ઉજવણીના ભાગરૂપે ગુજરાતથી શરુ થનાર "આઝાદી ગૌરવ યાત્રા" તા. ૬ એપ્રિલ ૨૦૨૨ ના રોજ સવારે ૮-૦૦ કલાકે સાબરમતી ગાંધી આશ્રમથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સંગઠન પ્રભારી અને રાજસ્થાન સરકારના પૂર્વ આરોગ્ય મંત્રી ડૉ. રઘુ શર્માજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવા સહિતના વરિષ્ઠ આગેવાનો તિરંગા ઝંડા સાથે પ્રસ્થાન કરાવશે. "આઝાદી ગૌરવ યાત્રા" સમગ્ર ગુજરાતના ૫ જીલ્લામાં ૧૦ દિવસ દરમિયાન ૩ લાખથી વધુ લોકોનો સીધો સંપર્ક કરીને દિલ્હી રાજઘાટ ખાતે સમાપન કાર્યક્રમ યોજાશે. જેમાં, કોંગ્રેસપક્ષનું શીર્ષ નેતૃવ, આગેવાનો, હોદ્દેદારો વગેરે સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાશે.



(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવકતા